# પાંડેસરામાં તબેલામાં આગ, ત્રણ ભેંસ દાઝી ગઈ

**આગગ્રસ્ત** તબેલામાંથી ઊઠેલાં પશુઓના આક્રંદે સમગ્ર વિસ્તારને હચમચાવી નાંખ્યો

સુરતઃ પાંડેસરા મણીનગર સોસાયટીમાં વહેલી સવારે અંદાજે ત્રણ વાગ્યાની આસપાસ તબેલામાં અચાનક આગ ભભૂકી ઉઠતા દહેશત ફેલાઈ ગઈ હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને તબેલામાં બાંધેલા મૂંગા પશુઓ તેનો ભોગ બન્યા હતા.

છેલ્લા 20 વર્ષથી પશુપાલનનો વ્યવસાય કરતા પશુપાલક રાજકુમાર શર્માના તબેલામાંથી રાત્રે ધુમાડો અને જ્વાળાઓ નીકળતા જોવા મળ્યા હતા. સ્થાનિકોએ આગ બુઝાવવાના પ્રયાસો હાથ ધર્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં મોટું નુકસાન થઈ ચૂક્યું હતું. આ કમકમાટીભરી ઘટનામાં બેથી ત્રણ ભેંસો ગંભીર રીતે દાઝી ગઈ છે. પશુઓના કરુણ આક્રંદથી આસપાસનો વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો. આગમાં હજારો રૂપિયાનો ઘાસચારો અને તબેલામાં રહેલી સાધન-સામગ્રી ખાક થઈ ગઈ હતી. પ્રાથમિક અંદાજ મુજબ કુલ 70થી 80 હજાર રૂપિયાનું નુકસાન થયું છે.

### અસામાજિક તત્ત્વોએ આગ લગાડી હોવાનો માલિકનો આક્ષેપ

તબેલા માલિક રાજકુમાર શર્માએ આ ઘટનાને અકસ્માત ગણવા ઇનકાર કર્યો છે. તેમના જણાવ્યા મુજબ, “અમે અહીં છેલ્લા 20 વર્ષથી તબેલો ચલાવીએ છીએ, પરંતુ આજ સુધી આવી ઘટના બની નથી. આ આગ કોઈ અજાણ્યા અસામાજિક તત્વોએ ઈરાદાપૂર્વક લગાડી હોવાનું અમને લાગી રહ્યું છે.” ઘટનાને પગલે સ્થાનિક પશુપાલકોમાં પણ રોષ ફેલાયો છે. તબેલા માલિકે પોલીસ અને વહીવટી તંત્ર પાસે નિષ્પક્ષ તપાસની માંગ કરી છે અને મૂંગા પશુઓને નુકસાન પહોંચાડનાર તત્વોને વહેલી તકે પકડી કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

# સિટીલાઇટના રૂંગટા એસ્ટેલામાં આગ



(તસવીરઃ સતીષ જાદવ)

**કચરાના** ઢગલામાંથી ભભૂકી ઊઠેલી આગના કારણે 11માં માળ સુધી ગોઠવાયેલા બાંબુના સ્ટ્રક્ચરને ચપેટમાં લીધા

સુરત : શહેરના પોશ ગણાતા સિટી લાઇટ વિસ્તારમાં અણુવ્રત દ્વાર નજીક આવેલી 15 માળની નવનિર્મિત રૂંગટા એસ્ટેલા બિલ્ડિંગના પરિસરમાં આજે બપોરે અચાનક ભીષણ આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બિલ્ડિંગની પાછળના ભાગમાં જમા થયેલા કચરાના ઢગલામાં લાગેલી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગના ગોટેગોટા અને ધુમાડો દૂર સુધી નજરે પડતા સ્થાનિકોમાં ભયનો માહોલ છવાયો હતો. એલિવેશનના કામ માટે 11 મા માળ સુધી ગોઠવાયેલા બાંબુના સ્ટ્રકચરને પણ મોટુ નુકસાન થયુ હોવાનું જાણવા મળે છે.

ફાયર વિભાગના સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ બિલ્ડિંગનું બાંધકામ કાર્ય લગભગ પૂર્ણ થઈ ગયું હતું અને એલિવેશન તેમજ ફિનિશિંગના કામો ચાલી રહ્યા હતા. આગની પ્રચંડ ગરમીને કારણે બિલ્ડિંગના બાહ્ય ભાગના કલર કામ અને એલિવેશનના કાચને નુકસાન પહોંચ્યું છે, તેમજ અનેક ફ્લેટોના મોંઘા કાચ તૂટી ગયા હોવાનું જાણવા મળ્યું છે. આ બિલ્ડિંગમાં અંદાજે 2થી 3 કરોડ રૂપિયાની કિંમતના અત્યાધુનિક ફ્લેટ અને ઉપરના બે માળ પેન્ટહાઉસ તરીકે તૈયાર કરવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતા જ સુરત ફાયર બ્રિગેડની 6થી વધુ ગાડીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. ફાયર ફાઈટરોએ ચારે બાજુથી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. બિલ્ડિંગમાં કામ કરતા કામદારો આગ જોતા જ સુરક્ષિત રીતે બહાર નીકળી ગયા હતા અને સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. આ ઘટનાને કારણે મુખ્ય માર્ગ પર થોડા સમય માટે ટ્રાફિકજામ સર્જાયો હતો. હાલ આગ લાગવાના ચોક્કસ કારણોની તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# વિસ્ફોટ કેસમાં 2.20 કરોડ ક્લેઈમ ચૂકવવા આદેશ

**અચાનક** અને પ્રચંડ દબાણથી થયેલો ધડાકો પણ Explosion તરીકે જ ગણાય

સુરતઃ સુરત જિલ્લા ગ્રાહક વિવાદ નિવારણ કમિશન (એડિશનલ) દ્વારા બિલ્ડિંગ મટીરીયલ્સ બનાવતી ફેક્ટરીમાં થયેલા ‘Autoclave’ મશીનના જોરદાર વિસ્ફોટથી નુકસાન મામલે વીમા કંપનીને રૂ.૨.૨૦ કરોડ વાર્ષિક 9 ટકા વ્યાજ સાથે ચૂકવવાનો હુકમ કરાયો છે. ૧૮એપ્રિલ ૨૦૧૮ના રોજ સવારે ફેક્ટરીમાં ACC બ્લોક બનાવવાની પ્રક્રિયા દરમિયાન ‘Autoclave’ તરીકે ઓળખાતા મશીનમાં જોરદાર વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટથી મશીનરી, પ્લાન્ટ, સ્ટોક, બિલ્ડિંગ, દીવાલો સહિતને મોટી માત્રામાં નુકસાન થયું હતું. ફેક્ટરી માલિકે વીમા કંપની પાસે ક્લેમ નોંધાવ્યો હતો. પરંતુ વીમા કંપનીએ દાવો નકારતા જણાવ્યું હતું કે કંપનીના પક્ષે બેદરકારીથી મશીનનું ઢાંકણ યોગ્ય રીતે બંધ ન હોવાથી અકસ્માત સર્જાયો, જેથી આ ઘટના ‘Explosion’ તરીકે ગણાવી શકાય નહીં અને પોલિસી હેઠળ આવરી લેવાતી નથી. જેથી મેજીક્રેટ બિલ્ડિંગ સોલ્યુશન પ્રાઈવેટ લિમિટેડ (ફરિયાદી)એ સુરત જિલ્લા ગ્રાહક નિવારણ કમિશન (એડિશનલ) સમક્ષ વીમા કંપની વિરુદ્ધ એડવોકેટ શ્રેયસ દેસાઈ, અભિષેક ચૌધરી મારફતે ફરિયાદ દાખલ કરાવી હતી.

ફરિયાદ પક્ષની દલીલો હતી કે પોલિસી શરતોનું અર્થઘટન સંકુચિત નહીં પરંતુ વ્યાવહારિક અને વીમાધારકના હિતમાં કરવું જોઈએ. ફરિયાદીની ફેકટરીમાં વિસ્ફોટક (Explosion)ને કારણે નુકશાન થયું હતું, તે બાબત સર્વેયરનો રીપોર્ટ, ફોટોગ્રાફસ, સી.સી.ટી.વી.ના રીપોર્ટ થકી પુરવાર થાય છે. જેથી ફરિયાદી કલેઈમ મેળવવા હકકદાર છે.

બંને પક્ષની દલીલો બાદ સુરત જિલ્લા ગ્રાહક કમિશન (એડીશન)ના પ્રમુખ (ઈન્ચાર્જ) કે. જે. દસોંદી અને સભ્ય પૂર્વીબેન વી. જોષીએ તેમની ફરિયાદ અંશતઃ મંજૂર કરી હતી.

# કોઈના બાપની ત્રેવડ નથી કે મારી પાસેથી રૂપિયા કઢાવી શકે

**પરિચિત** ટ્રાવેલ્સ વ્યવસાયીએ પોતાના 20 લાખ પરત માંગ્યા તો ચિરાગ ગોટીએ બોલબચ્ચન શરૂ કર્યા

સુરતઃ ઉત્રાણમાં રહેતા અને વર્ષોથી ટ્રાવેલ્સના વ્યવસાય સાથે સંકળાયેલા એક પ્રૌઢ સાથે જૂની મિત્રતાનો લાભ ઉઠાવી ચિરાગ ગોટી, તેના ભાઈ સહિતના સાગરીતે કુલ રૂ. ૨૦ લાખની છેતરપિંડી આચરી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

મૂળ અમરેલી જિલ્લાના ધારગણી ગામના વતની અને હાલ ઉત્રાણ ખાતે સિલ્વર પેલેસમાં રહેતા મુકેશભાઈ જીણાભાઈ ગજેરા (ઉ.વ. ૪૮) ‘પારસ ટ્રાવેલ્સ’ નામે વ્યવસાય કરે છે. વર્ષ ૨૦૧૯માં બાયો-ડીઝલની ખરીદી દરમિયાન તેમનો પરિચય સિંગણપોરના ચિરાગ ઘનશ્યામભાઈ ગોટી સાથે થયો હતો. મુકેશભાઈ અવારનવાર ચિરાગ ગોટીનું દાંડી રોડ પર આવેલું ફાર્મ હાઉસ સામાજિક પ્રસંગો માટે ભાડે રાખતા હતા. જેના કારણે બંને પરિવાર વચ્ચે અવરજવર વધી હતી. તેઓ ચિરાગના પિતા ઘનશ્યામભાઈ અને તેના ભાઈ નિરાંત ઉર્ફે લાલો ગોટીને પણ સારી રીતે ઓળખે છે. આ ઉપરાંત, ચિરાગના તમામ વેપારનો વહીવટ સંભાળતા યુવરાજ લક્ષ્મણભાઈ જાદવ સાથે પણ તેઓ પરિચિત હતા.

૨૦૨૧માં કોરોનાકાળ બાદ ચિરાગ ગોટીએ મુકેશભાઈને ફોન કરીને આર્થિક મદદ માંગી હતી. મિત્રતાના દાવે મુકેશભાઈએ પોતાની બચતમાંથી ચિરાગને રૂ. ૧૮,૭૫,૦૦૦ અને યુવરાજને રૂ. ૧,૦૦,૦૦૦ એમ કુલ મળીને અંદાજે ૨૦ લાખ રૂપિયા ઉછીના આપ્યા હતા. જ્યારે મુકેશભાઈએ પોતાના વ્યવસાયિક કામ અર્થે નાણાંની ઉઘરાણી કરવા ચિરાગને ફોન કર્યો, ત્યારે ચિરાગ ઉશ્કેરાઈ ગયો હતો. તેણે ફોન પર બિભત્સ ગાળો આપી ધમકાવતા કહ્યું હતું કે, મેં આજ સુધી લોકો પાસેથી રૂપિયા લીધા જ છે, કોઈના બાપની ત્રેવડ નથી કે મારી પાસેથી રૂપિયા કઢાવી શકે, તારાથી થાય તે કરી લેજે.

થોડી વારમાં ચિરાગ ગોટી તેના સાગરીતો સાથે ઈનોવા કારમાં મુકેશભાઈના ઘરે ધસી આવ્યો હતો. ત્યાં તેણે જાહેરમાં ગાળો આપી કમરમાંથી રિવોલ્વર કાઢી મુકેશભાઈ પર તાકી દીધી હતી. ચિરાગે ધમકી આપી હતી કે, જીવ વહાલો નથી? ચાલ ખિસ્સામાંથી રૂપિયા કાઢ. ડરના માર્યા મુકેશભાઈએ પોતાના ખિસ્સામાં રહેલા રોકડા રૂ.૫,૦૦૦ પણ આપી દીધા હતા. તાજેતરમાં ચિરાગ ગોટીની પોલીસ દ્વારા અન્ય ગુનામાં ધરપકડ થયાના સમાચાર મળતા, હિંમત ભેગી કરી મુકેશભાઈ ગજેરાએ આ મામલે પોલીસનો સંપર્ક કર્યો હતો. સરથાણા પોલીસે ચિરાગ ગોટી, નિરાંત ગોટી અને યુવરાજ લક્ષ્મણ જાદવ (રહે. નેન્સી રેસીડેન્સી સિંગાપોર ગામ) વિરુદ્ધ આર્થિક છેતરપિંડી અને ધમકીની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ફેસબૂક મિત્રએ મોબાઈલ રિચાર્જ કરી આપવાના મુદ્દે ઝઘડામાં આપઘાત

સુરતઃ શહેરમાં દાંપત્ય જીવનમાં વધતી ગેરસમજ, અવિશ્વાસ અને ક્ષણિક ઉશ્કેરાટ કેટલા ગંભીર પરિણામો આપી શકે તેનો દુઃખદ દાખલો બે અલગ અલગ વિસ્તારોમાં સામે આવ્યો છે. હજીરાના દામકા ગામમાં રહેતા અને મૂળ બિહારના ભાગલપુર વતની અમૃતેશ રઘુવીરપ્રસાદ શાહ ખાનગી કંપનીમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા.

અંદાજે ૧૫ મહિના પહેલાં જ તેમના ૨૧ વર્ષીય મનીષાકુમારી સાથે લગ્ન થયા હતા. શુક્રવારે સાંજે મનીષાકુમારીને તેના ફેસબુક મિત્ર દ્વારા મોબાઈલ રીચાર્જ કરાવી આપવામાં આવ્યું હતું. આ બાબતે પતિ-પત્ની વચ્ચે બોલાચાલી શરૂ થઈ હતી. સોશિયલ મીડિયા સંબંધિત આ મુદ્દે બંને વચ્ચે અવિશ્વાસ અને ઉશ્કેરાટ વધ્યો હતો. પરિવારજનોના કહેવા મુજબ, ક્ષણિક મનદુઃખ અને ગેરસમજને કારણે મનીષાકુમારીએ રાત્રે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લીધો હતો.

# તુષાર ઘેલાણીને બ્લેકમેલ કરનારી મહિલા સ્કૂલ પ્રિન્સિપલ કોણ?

**તુષાર** ઘેલાણીની દીકરીએ પોલીસનું શરણું લઈ મહિલાના બ્લેકમેલિંગ અંગે ફરિયાદ કરી

સુરતઃ જાણીતા બિલ્ડર તુષાર ઘેલાણીના આત્મહત્યા પ્રકરણમાં હવે નવા ફણગા ફૂટ્યા છે. દીકરાના લગ્નના ગણતરીના દિવસો પહેલાં જ જીવન ટૂંકાવનારા બિલ્ડરના મોત પાછળ બ્લેકમેઈલિંગ જવાબદાર હોવાના આક્ષેપો સાથે તેમની પુત્રીએ પોલીસમાં ધા નાંખી છે. આ મામલે હવે પોલીસે સીસીટીવી ફૂટેજ અને મોબાઈલ કોલ ડિટેઈલ્સ (CDR)ના આધારે તપાસની દિશા લંબાવી છે.

ગત 1લી ફેબ્રુઆરીના રોજ તુષાર ઘેલાણીએ પોતે જ પોતાની જાતને ગોળી મારી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો, જે બાદ સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ ઘટના બાદ તેમની પુત્રી તન્વીએ ગંભીર આક્ષેપો કરતી અરજી પોલીસને આપી છે. અરજીમાં એક પરપ્રાંતિય મહિલા તુષારભાઈને લાંબા સમયથી ખોટી રીતે બ્લેકમેઈલ કરી રહી હતી.

આ મહિલા વેસુ વિસ્તારની એક નામાંકિત સ્કૂલની પ્રિન્સિપાલ હોવાની શંકા સેવાઈ રહી છે. જ્યારે તુષારભાઈ હોસ્પિટલમાં જિંદગી અને મોત વચ્ચે ઝોલા ખાઈ રહ્યા હતા, ત્યારે પણ આ મહિલા અને તેની બહેને હોસ્પિટલ આવી તન્વીને ધમકી આપી હોવાનો આક્ષેપ છે. એસીપી ઝેડ.આર. દેસાઈએ આ કેસની કમાન સંભાળતા જ પુરાવા એકત્રિત કરવાનું શરૂ કર્યું છે. જે વિસ્તારો અને સ્થળોનો અરજીમાં ઉલ્લેખ છે, ત્યાંના સીસીટીવી કેમેરાના ફૂટેજ ખંગાળવામાં આવી રહ્યા છે. જરૂર પડ્યે સ્કૂલના સીસીટીવી પણ તપાસવામાં આવશે. તુષાર ઘેલાણીના મોબાઈલ ફોનની ડિટેઈલ્સ અને મહિલા સાથેના સંપર્કની તપાસ કરવામાં આવશે.

નોંધનીય છે કે સામે પક્ષે મહિલાએ પણ ઘેલાણી પરિવાર સામે વળતી અરજી કરી આક્ષેપો કર્યા છે, જેના કારણે પોલીસે બંને પક્ષના તથ્યો તપાસવાની કવાયત હાથ ધરી છે .આ હાઈપ્રોફાઈલ કેસમાં બ્લેકમેઈલિંગના તથ્યો સામે આવશે તો આગામી દિવસોમાં મોટા ખુલાસા થવાની શક્યતા છે.

# જમીનના કૌભાંડમાં વિનુ માલવિયાના 18મી સુધી રિમાન્ડ

**બનાવટી** સાટાખતો અને કોર્ટના રેકોર્ડ ગાયબ કરવાના ગંભીર આરોપ છે

સુરતઃ વેસુની જમીન પચાવી પાડવાના હાઈપ્રોફાઈલ કેસમાં વેસુ પોલીસે લેન્ડ ગ્રેબર વિનુ માલવિયાની ધરપકડ કરી છે. પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કરી તેના 18મી સુધીનાં રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરી છે. આ કેસ વેસુ ખાતે આવેલી 11,000 ચોરસ મીટરથી વધુ જમીનનો છે. જે સોમ રિયાલિટીની માલિકીની છે.

### રિમાન્ડના મુખ્ય મુદ્દા

» આરોપીઓએ એક જ સ્ટેમ્પ પેપર (નંબર ૫૦૬૨) પર અલગ-અલગ તારીખો (૧૬/૦૮/૨૦૦૧ અને ૨૬/૦૫/૨૦૦૧) લખીને જે બનાવટી સાટાખતો બનાવ્યા છે, તેની મૂળ નકલો ક્યાં છે અને કોની મદદથી તૈયાર કરી તેની તપાસ કરવી. » કોર્ટમાં પક્ષકારોની હાજરી વિના રજૂ કરી આ બાબતેનું હુકમનામુ મેળવી કોર્ટને ગેરમાર્ગે દોરી ન્યાયિક પ્રક્રિયાને અંધારામા રાખવાનું ગુનાહીત કૃત્ય કરેલ છે. પુરાવાઓ એકત્રીત કરવા સારૂ આરોપીની પોલીસ કસ્ટડીમાં હાજરીની જરૂરીયાત છે. » આરોપી વિનુ માલવિયા વિરુદ્ધ અગાઉ પણ ૧૧ જેટલા જમીન પચાવી પાડવાના ગુનાઓ નોંધાયેલા છે. આ ઓર્ગેનાઈઝ ક્રાઈમ સિન્ડિકેટમાં અન્ય કયા સફેદપોશ લોકો કે સાગરીતો સામેલ છે તેની કડીઓ મેળવવી. » વર્ષો જૂના સ્ટેમ્પ પેપરો આરોપીઓ પાસે ક્યાંથી આવ્યા અને તે સમયના કયા સ્ટેમ્પ વેન્ડર કે નોટરીની આમાં સંડોવણી છે તેની તપાસ કરવી. » આરોપીઓએ આ જ પદ્ધતિથી અન્ય કેટલી અને કઈ કઈ જમીનો પચાવી પાડી છે અથવા ખોટા લખાણો ઊભા કર્યા છે તેની વિગતો કઢાવવી. » આ સમગ્ર કાંડમાં આરોપી સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે (પડદા પાછળ) અન્ય કોઇ વ્યકિતની સંડોવણી હોવાની પુરેપુરી શકયતા હોય જેથી તે દિશામાં પુછપરછ કરી પુરાવાઓ એકત્રીત કરવા સારૂ

**હર..હર..શંભુ** શહેરમાં પહેલીવાર મહાશિવરાત્રિએ મંદિર નહીં કેફે અને ગાર્ડનમાં ભક્તો શિવભક્તિમાં લીન થશે

# ઝેન-ઝી શિવભક્તિને નવો સ્પર્શ આપશે

**કેફે** અને ગાર્ડનમાં ગાયક કલાકારો સાથે મ્યુઝિકલ કોન્સર્ટના આયોજન

**ગવિયરના** સાંઈ મંદિરમાં ફ્રાન્સના કોરિયોગ્રાફર ડાન્સ મેડિટેશન કરાવશે

સુરતઃ આજના ઝેન-ઝી યુથે ભક્તિને પણ નવો ટચ આપ્યો છે. મોટા ભાગે મહાશિવરાત્રિએ મંદિરોમાં ઘીના કમળ ચઢતા હોય, રૂદ્રાભિષેક સહિતની પૂજા થતી હોય પરંતુ ઝેન-ઝી યુથે મહાશિવરાત્રિને મહાઉત્સવ બનાવી દીધો છે. મ્યુઝિકલ કોન્સર્ટ અને ડાન્સ મેડિટેશન જેવા નવા કન્સેપ્ટ સાથે મહાશિવરાત્રિના ઉત્સવના આયોજન કર્યા છે. દેશવિદેશથી કલાકારો સુરતમાં પધાર્યા છે, જેઓ ડાન્સ મેડિટેશન, મ્યુઝિટલ કોન્સર્ટમાં ભાગ લઈ રહ્યાં છે. મંદિર નહીં પરંતુ કેફે અને ગાર્ડનમાં આ વખતે મહાશિવરાત્રિની જોરદાર ઉજવણી યંગસ્ટર્સ દ્વારા કરવામાં આવનાર છે.

### મહાશિવરાત્રિએ ગવિયરમાં ફ્રાન્સના પ્રખ્યાત કોરિયોગ્રાફર ડાન્સ મેડિટેશન કરાવશે



આ વર્ષે પહેલીવાર ફ્રાન્સના કોરિયોગ્રાફર સુરતમાં શિવભક્તો માટે આવ્યા છે. ગવિયર ખાતે આવેલા સાંઈ મંદિરમાં ખાસ શિવરાત્રિ સ્પેશ્યિલ ડાન્સ મેડિટેશનના કાર્યક્રમનું મહાશિવરાત્રિએ કરાયું છે. ફ્રાન્સના પ્રખ્યાત કોરિયોગ્રાફર ગિલ્સ યુયેન લાઈવ મ્યુઝિક અને જેમ્બેના તાલ પર ડાન્સ મેડિટેશનનો પ્રોગ્રામ રજૂ કરશે. ગિલ્સ યુયેને કહ્યું કે મનોરંજન માટે નહીં મારો ડાન્સ ભક્તિ, પ્રાર્થના માટેનો છે. કાર્યક્રમનો હેતુ શિવ ભક્તોને આંતરિક શાંતિ અને શિવતત્ત્વની અનુભૂતિ કરાવવાનો છે. આ ઉપરાંત આ કાર્યક્રમમાં ઈટર્નલ જોય દ્વારા ઈટર્નલ પ્રેયસ નામની સંગીતમય પ્રસ્તુતિ ભગવાન શિવના ચરણોમાં અર્પિત કરાશે. રાત્રે 12 વાગ્યે ભસ્મ આરતી થશે.

### મહાશિવરાત્રિએ ડુમસના કેફેમાં સદાશિવ મ્યુઝિકલ સેલિબ્રેશન યોજાશે



ડુમસમાં શિવા કલ્ટ ગ્રુપ દ્વારા મહાશિવરાત્રિ નિમિત્તે કેફેમાં સદાશિવ મ્યુઝિકલ સેલિબ્રેશનનું આયોજન કરાયું છે. અહીં ડિવોશનલ મ્યુઝિક, મંત્રોચ્ચાર કરાશે. 12 ફૂટ ઊંચી એલઈડી પર શિવલિંગ દર્શાવાશે. આ ઈવેન્ટ ખાનગી કેફેમાં યોજાનાર છે. પહેલીવાર કોઈ કેફેમાં મહાશિવરાત્રિ નિમિત્તે પેઈડ કોન્સર્ટનું આયોજન કરાયું છે. અહીં વૈદિક ડાન્સ, ગ્રાન્ડ આરતી અને ટેક્નો સ્ટાઈલમાં મ્યુઝિકલ નાઈટનું આયોજન કરાયું છે. મુંબઈના કલાકારો હર્ષિત એન્ડ ટીમ શિવ ગીતો ગાશે. આયોજકો કહે છે કે પ્રાચીન મંત્રોનું આધુનિક ઢબે એટલે કે ફ્યૂઝન સ્ટાઈલમાં ઉચ્ચારણ કરી મેડિટેશન કરાશે. કાર્યક્રમનો ઉદ્દેશ પવિત્ર વાતાવરણમાં આરામ કરતા કરતા ઉર્જા મેળવવાનો છે.

### મહાશિવરાત્રિની સાંજે જોગાણીનગર ગાર્ડનમાં યંગસ્ટર્સનો કોન્સર્ટ



મહાશિવરાત્રીના આગલા દિવસે વેલેન્ટાઈન ડેના રોજ અડાજણના પ્રાઈમ આર્કેડ પણ યંગસ્ટર્સના ગ્રુપ મેક્સ એન્ટરટેઈનમેન્ટ દ્વારા શિવજીની પાલખી યાત્રા કાઢવામાં આવનાર છે. બીજા દિવસે રવિવારે મહાશિવરાત્રીએ આખો દિવસ વિવિધ કાર્યક્રમ છે. તેમાંય સાંજે યંગસ્ટર્સ માટે જોગાણીનગર ખાતે ખાસ મ્યુઝિકલ કોન્સર્ટનું આયોજન કરાયું છે. જેમાં લોકલ ગાયક કલાકારો ભાવિન પરમાર, સુમિત પરમાર અને રવિના ગોસ્વામી શિવજીના સોન્ગ પર યંગસ્ટર્સને ઝુમાવશે. આયોજક ભાવિક ત્રિવેદીએ કહ્યું કે, યુવા પેઢીને મજા પડે તે રીતે મંદિરની બહાર શિવભક્તિના કોન્સર્ટનું આયોજન કરાયું છે. આ ઈવેન્ટમાં વધુમાં વધુ યુવાનો જોડાશે.

## ચેક રિટર્ન કેસમાં આરોપીનો નિર્દોષ છૂટકારો

સુરતઃ રૂપિયા ૨૪,૦૦,૦૦૦ ના ચેક રિટર્ન કેસમાં આરોપી વસંતીબેન પટેલને પુરાવાના અભાવે કોર્ટે નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

આરોપી વસંતીબેન પટેલે ઈ એન એન્ટરપાઈઝના ફરિયાદી બિપિનભાઈ જીવનલાલ સોંદરવા પાસેથી વ્યવસાયિક વ્યવહારમાં રૂ.૩૦,૨૫,૦૦૦ની રકમ ઉધાર લીધી હતી અને ચુકવણી માટે રૂ.૮,૦૦,૦૦૦ ના ત્રણ ચેક આપ્યા હતા. જે ચેક રિટર્ન થતાં ફરિયાદી બિપિનભાઈએ આરોપી વસંતીબેન પટેલ સામે નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 હેઠળ ફરિયાદ નોંધાવી હતી. આ કેસની ઈન્સાફી કાર્યવાહી કોર્ટમાં ચાલી હતી.

આરોપી પક્ષે વકીલ નીરવ આંબલીયાએ દલીલો કરી હતી. ફરિયાદ પક્ષ ફરિયાદ પુરવાર કરવામાં નિષ્ફળ રહ્યો હતો. બંન્ને પક્ષની દલીલો બાદ કોર્ટે આરોપીને પુરાવાના અભાવે નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### જી.ડી.ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કૂલમાં ૧૩મો વાર્ષિક રમતોત્સવ ઉજવાયો




સુરત : જી. ડી. ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કૂલમાં ૧૩મા વાર્ષિક રમતોત્સવ ઉજવાયો હતો સુરત દ્વારા પૂર્વ પ્રાથમિક વિભાગ (પી.જી. અને નર્સરી) તેમજ માતા-પિતાની હાજરીમાં ઉત્સાહ અને ભવ્યતાથી ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે સ્ટીલમેન વિસ્પી ખરાડી, શ્રીમતી હેતલ તમાકુવાલા, જી.ડી.જી.આઇ.એસ ના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ અને શાળાના તમામ વિભાગીય સંયોજકો પણ ઉપસ્થિત રહ્યા. માનનીય મહેમાનો દ્વારા ઉદ્ઘાટન સમારંભ, ટોર્ચ સેરેમની તથા શપથવિધિના સાક્ષી બન્યા હતાં. જેનાથી સમગ્ર દિવસ દરમિયાન પ્રેરણાદાયક વાતાવરણ સર્જાયું. નાનકડા ગોએન્કન્સમાં દેખાયેલા શિસ્ત અને ઉત્સાહ શાળાના સર્વાંગી વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું ઉત્તમ પ્રતિબિંબ હતું. પ્રેરણાદાયક ભાષણોમાં વિસ્પી ખરાડી અને મતી હેતલ તમાકુવાલાએ વિદ્યાર્થીઓને રમતગમત અને શારીરિક તંદુરસ્તીને જિવનનો અવિભાજ્ય ભાગ બનાવવાની પ્રેરણા આપી હતી. પૂર્વ પ્રાથમિક વિભાગ (પી.જી. અને નર્સરી) માટેનો જી.ડી.જી.આઇ.એસ વાર્ષિક રમતોત્સવ ૨૦૨૫-૨૬ નો સમાપન સમારંભ ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ વિદ્યાર્થીઓ અને માતા-પિતાની ઉપસ્થિતિમાં યોજાયો. આ કાર્યક્રમની સફળતા પાછળ સ્પોર્ટ્સ ડિરેક્ટર આશિષ સિંહ, તેમની સ્પોર્ટ્સ ટીમ અને તમામ વિભાગીય સંયોજકોના સહયોગ તથા સુચિત આયોજનનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો.

### રામકથા આપણને વ્યવહાર અને સંસ્કાર શીખવે છેઃ કિરીટભાઈજી

સુરતઃ નંદીવન વૈદિક ગૌશાળા, માધાપર-ભુજના હિતાર્થે સુરત ખાત યોજાયેલી રામકથાના પ્રથમ દિવસે કિરિટ ભાઇજીએ ભાઈજીએ જણાવ્યું કે રામકથા આપણને વ્યવહાર અને સંસ્કાર શીખવે છે. મનુષ્યની વાણી જ તેનો સાચો પરિચય છે. વાણી દ્વારા માણસ કોઈના હૃદયમાં સ્થાન બનાવી શકે છે અથવા હૃદયમાંથી ઉતરી પણ જાય છે. તેમણે વધુમાં સમજાવ્યું કે ભગવાન શ્રી રામનો અવતાર મુખ્યત્વે અહિલ્યા, કેવટ, શબરી અને રાવણના ઉદ્ધાર માટે થયો હતો, જે આપણને કરુણા, સમાનતા અને ભક્તિનો મહાન સંદેશ આપે છે.

### NTPC કવાસના પ્રોજેક્ટ હેડ તરીકેનો ચાર્જ શ્રીકાંત કેરહાલકરે સંભાળ્યો



સુરત :શ્રીકાંત કેરહાલકરે 6 ફેબ્રુઆરી, 2026 ના રોજ NTPC કવાસના પ્રોજેક્ટ હેડ તરીકેનો ચાર્જ સંભાળ્યો છે. આ પૂર્વે તેમણે NTPC બારહમાં જનરલ મેનેજર (ઓપરેશન્સ અને મેન્ટેનન્સ) તરીકે સેવા આપી હતી. કેરહાલકરે દેવી અહિલ્યા યુનિવર્સિટી, ઇન્દોરમાંથી ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્સ્ટ્રુમેન્ટેશન એન્જિનિયરિંગમાં સ્નાતક છે અને 1989 થી NTPC સાથે છે. અત્યાર સુધી તેમણે તાલચેર કનિહા, કહલગાંવ, મૌડા, તાલચેર થર્મલ, તેલંગાણા, CC-EOC અને બારહ સહિત અનેક પ્રોજેક્ટ્સમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.તેમણે C&I જાળવણી, C&I ઉત્થાન, કમિશનિંગ અને પરીક્ષણ, સલામતી અને સંચાલન અને જાળવણીના ક્ષેત્રોમાં વ્યાપક અનુભવ છે.

### સિંગણપોરની શ્રી શારદા વિદ્યામંદિરનો રજત જયંતી મહોત્સવ ઉજવાયો



સુરતઃ સિંગણપોર સ્થિત શ્રી શારદા વિદ્યામંદિર દ્વારા શાળાના ૨૫ વર્ષ પૂર્ણ થતા રજત જયંતિ મહોત્સવ નિમિત્તે ભવ્ય વાર્ષિકોત્સવનું આયોજન ૧૪ ફેબ્રુઆરીએ જ્ઞાનબાગ ફાર્મ ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય વિનોદભાઈ મોરડીયા, પદ્મશ્રી નિલેશભાઈ માંડલેવાળા, જિલ્લા શિક્ષણાધિકારી ભગીરથસિંહ પરમાર, પી.આઈ. એન.જી. ચૌધરી (ચોક બજાર) તેમજ શિક્ષણ સમિતિ સભ્ય સ્વાતિબેન સોસા ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત ટ્રસ્ટી ઝેડ.પી. ખેની, હર્ષદભાઈ માવાણી, સવજીભાઈ પટેલ, જૈમિનભાઈ પટેલ, આર.એલ. માવાણી સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

### વીર નર્મદ યુનિવર્સિટીમાં જ્ઞાનગંગાનું અવતરણ




સુરત :વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગના વનસ્પતિ વિજ્ઞાનશાખા દ્વારા ઔષધીય વનસ્પતિની ઓળખ અને એના રોજીંદા જીવનમા ઉપયોગ વિશે બે દિવસીય કાર્યશાળાનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વડોદરાની મ. સ. યુનિવર્સિટીના નિવૃત્ત, આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત પ્રોફેસર ડેનિયલનું મનનીય પ્રવચન થયું હતું. આજ વિભાગના જ નિવૃત્ત વડા ડો. મીનુ પર બીઆએ એમની લાક્ષણિક શૈલીમા આસપાસ શ્રી બાપાલાલ વૈદ્ય સંશોધન કેન્દ્રમા ઉગતી વનસ્પતિની ઓળખ અને એના ઔષધીય ઉપયોગ વિશે ખૂબ રસાળ રીતે વાર્તાલાપ કર્યો હતો. કાર્યક્રમમાં 140 વિદ્યાર્થીઓ જોડાયા હતા.

### લીલા વિશ્વાંભરા દત્ત મંદિર ડુમસ ખાતે શિવરાત્રિએ રુદ્રાભિષેક

સુરત : લીલા વિશ્વવાંભરા દત્તમંદિર ,લા-મેરેડિયન હોટલની બાજુમાં, મગદલ્લા ચાર રસ્તા, ડુમસરોડ સુરત ખાતે મહાશિવરાત્રિ નિમિત્તે સવારે 6 કલાકે ક્ષીરાભિષેક, ફળોના રસથી અભિષેક કરવામાં આવશે જ્યારે રાતે 12કલાકે રુદ્રાભિષેકનું આયોજન કરવામાં આવ્યું છે.

### પીટી સાયન્સમાં આંતર કોલેજ ચિત્રકલા સ્પર્ધા



સુરત : તા. ૦૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સુરતની સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ (ઓટોનોમસ) ખાતે કોલેજના એલ્યુમની એસોસીએશનના સહયોગથી આંતર કોલેજ ચિત્રકલા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કોલેજના આચાર્ય ડો. પૃથુલ આર. દેસાઈ તેમજ એલ્યુમની એસોસીએશનના આગેવાનો હાજર રહ્યા હતા. નિર્ણાયક તરીકે રાજર્ષિ સ્માર્ત, કૃષ્ણપ્રિયા સ્માર્ત અને ડો. ભાવેશ પટેલે સેવા આપી હતી. પરિણામ મુજબ પ્રથમ ક્રમ વાઘેલા ધ્વનિ એન. (એસ.પી.બી. કોલેજ), દ્વિતીય ક્રમ શાહ હીર (સ્કેટ કોલેજ) અને તૃતીય ક્રમ યાદવ અર્ચના એસ. (સર પી.ટી. સાયન્સ કોલેજ)એ મેળવ્યો હતો.

### ડિંડોલી ઉમિયા માતા મંદિર (ઉમાપુરમ) ખાતે હનુમાન ચાલીસા



હનુમાન ટેકરી સેવા સંસ્થાન દ્વારા આયોજિત ડિંડોલી ઉમિયા માતા મંદિર (ઉમાપૂરમ) ખાતે 3હજારથી વધારે ભક્તો દ્વારા 4કલાકમાં 1લાખ 25 હજાર વાર હનુમાન ચાલીસાનુ પઠન કરવાંમાં આવ્યું ત્યારે મંદિર પરિસરમાં ભક્તિ મય બની ગયું હતુ જે સનાતન સંસ્કૃતિનો થતાં ભક્તિનો અનેરો સંગમ જોવા મળ્યો સાથે જ શાંતિ હવન કાર્યકમ યોજાયો શાંતિ હવનમાં મોટી સંખ્યામાં જોડાયા શોભા યાત્રા પણ કાઢવામાં આવી હતી.